# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૭-A તા.૩૧-૧૨-૨૦૨૪

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- એડોલેશન એજ્યુકેશન પ્રોગ્રામ(AEP) અન્વયે કરવાની કામગીરી બાબત
સંદર્ભ :- નં.એસ.એસ./ગ.એ./સિં.ફા./૨૦૨૪-૨૫ /૦૮-(૦૨)/તા.૦૫-૧૧-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તમામા ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૪-૨૫ એડોલેશન એજ્યુકેશન પ્રોગ્રામ(AEP) ફોર ગર્લ્સ માટે ધો.૬ થી ૮ ની (કન્યા શાળા/મિશ્ર શાળા) અને કુમાર શાળા માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રની સૂચનાઓ મુજબ શાળાકક્ષાએ કાર્યક્રમ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૩૧-૧૨-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ડૉ. એમ.એમ.પટેલ, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

समग्र शिक्षा
Samagra Shiksha

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.(૦૭૯) ૨૯૬૩૨૪૧૩, ફેક્સઃ (૦૭૯) ૨૩૨ ૩૮૪૦૪
E-mail: aspd-gcsess@gujarat.gov.in
Website: www.ssagujarat.org
Toll Free No.1800-233-7965

નં. એસએસ/ગ.એ./સિં.ફા./૨૦૨૪–૨૫/૦૮–(૨)/ ૫૨૦૩૨-૫૨૦૬૯ તા૦૫/૧૧/૨૦૨૪

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા**
**જિલ્લા : તમામ**

**એડી. જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને**
**શાસનાધિકારીશ્રી,**
**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,**
**મહાનગરપાલિકા : તમામ**

**વિષય : એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગામ (AEP) અન્વયે કરવાની કામગીરી બાબત**
**સંદર્ભ : નોંધ પર માન. એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી અન્વયે**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૪-૨૫ માં એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગામ અન્વયે (AEP) ફોર ગર્લ્સ માટે ધોરણ ૬ થી ૮ની કુલ ૧૮૪૭૪ (કન્યા શાળા, મિશ્ર શાળા) શાળાઓમાં અને ૮૧૬ કુમાર શાળાઓમાં નીચે મુજબની કામગીરી કરવાની થાય છે.

**પ્રવૃત્તિ-૧- "નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ વીક" ની ઉજવણી :**

આ જાગૃતિ કાર્યક્રમોમાં આયુષ્યમન ભારતના શાળા આરોગ્ય કાર્યક્રમની માર્ગદર્શિકામાં આવરી લીધેલ વિષયોને ધ્યાને રાખીને શાળાના બાળકોને અને વાલીઓ કન્યા શિક્ષણ પ્રત્યે જાગૃતિ મેળવે, સરકારશ્રી દ્વારા કન્યાઓને આપવામાં આવતા લાભો તેમજ સુવિધાઓ વિશે સમજ કેળવશે. તેમજ અન્ય સમુદાયને જાગૃત કરવા માટે શાળા કક્ષાએ **"નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ વીક"** ની ઉજવણી તા.૨૦-૦૧-૨૦૨૫ થી તા.૨૪-૦૧-૨૦૨૫ દરમિયાન નીચે મુજબના વિષયોને આવરી લઇ આયોજન કરવા જણાવવામાં આવે છે.

**(૧) પ્રથમ દિવસ:- (તા.૨૦/૦૧/૨૦૨૫)**

**કન્યા શિક્ષણ અંગેની જાગૃતિ :- જાગૃતિ રેલી/ સુત્રોચ્ચાર**

- ધોરણ-૬ થી ૮ ના દરેક બાળકોએ રેલીમાં જોડાય તે મુજબનું આયોજન કરવાનું રહેશે.
- રેલીમાં "બેટી બચાવો બેટી પઢાઓ" અને કન્યા શિક્ષણના સૂત્રો બોલાવવાના રહેશે.
- રેલીમાં કન્યા શિક્ષણને પ્રોત્સાહન મળે તેવા ગીતો પણ ગવડાવવાના રહેશે.
- રેલી પૂર્ણ થયા બાદ શાળાના અને ગામના આગેવાન માતા/શિક્ષક/વાલી માટે કન્યા શિક્ષણ વિશે વિષય નિષ્ણાંત દ્વારા માર્ગદર્શનનું આયોજન કરી અને (જરૂરી સાધન સામગ્રી:- સ્કેચપેન, ચાર્ટ પેપરનો) ઉપયોગ કરવાનો રહેશે..

**(૨) બીજો દિવસ:-(તા.૨૧/૦૧/૨૦૨૫)**

**કન્યા શિક્ષણને વધાવો / જેન્ડર સમાનતા (નાટક)**

- શાળાના બાળકો દ્વારા કન્યા શિક્ષણને પ્રોત્સાહન મળે તે માટે નુક્કડ નાટક રજુ કરવા જણાવીએ.

- આ નાટક નિહાળવા માટે શાળાના બાળકો અને વાલીઓને સહભાગી કરવાના રહેશે.
- નાટક પૂરું થયા બાદ નાટકમાં કઈ-કઈ બાબતો આવરી લીધેલ છે તે બાબતે બાળકો અને વાલીઓ સાથે ચર્ચા કરવાની રહેશે. (દા.ત.. કન્યા શિક્ષણને પ્રોત્સાહન મળે. ....વિગેરે)

**(૩) ત્રીજો દિવસ:- (તા.૨૨/૦૧/૨૦૨૫)**

**સખીઓની સાથે વાર્તાલાપ**

- કન્યાઓને માસિકસ્ત્રાવ સમયના અનુભવોની આપ-લે જેમાં માસિક એટલે શું, માસિક સમયે સ્વચ્છતા, કાળજી, માસિક સમયે ઉભા થતા પ્રશ્નો વિગેરે પર માર્ગદર્શન માટે આયોજન કર્વાનું રહેશે.
- જે દીકરીઓને હજુ માસિકસ્ત્રાવ શરુ થયેલ નથી તેવી દીકરીઓ સાથે માસિક એટલે શું? કેટલા દિવસ આવે, શું કાળજી રાખવી, શોષકોનો ઉપયોગ, સ્વચ્છતા, માટે આરોગ્ય વિભાગના વિષય નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન પૂરું પાડવાનું રહેશે.
- કન્યાઓ અન્ય કન્યાઓ સાથે ચર્ચા કરતા સંતોષકારક જવાબ મળી ન રહે તે માટે શાળાના અનુભવી નોડલ ટીચર્સ અથવા ગામમાં નર્સ બહેન સાથે સંકલન કરવાનું રહેશે.
- MH કોર્નર વિશે અને તૈયાર કરેલ સાહિત્ય અંગે કન્યાઓને માર્ગદર્શન પૂરું પાડવાનું રહેશે.

**(૪) ચોથો દિવસ:- (તા.૨૩/૦૧/૨૦૨૫)**

**પોકસો એકટ (POCSO Act) વિશે બાળકોને માહિતગાર કરવાના રહેશે.**

બાળકોના સર્વાંગી વિકાસ માટે યોગ્ય વાતાવરણ ઉપલબ્ધ થવું જ જોઈએ તે તેમનો અધિકાર છે. તે વિશે દરેક બાળકોને જાગૃત કરવા.આ કાયદાનો હેતુ બાળકોનું હિત જાળવવાનો છે. વર્તમાન સમયમાં બાળકો રોજની બનતી ઘટનાઓ જેવી કે બાળકો સાથે શારીરિક અડપલા કરવા, બાળકો પર જાતિય હુમલા, જાતિય સતામણી વગેરેથી અને સરકારશ્રી દ્વારા મળતી સુવિધાઓ તથા કાયદાઓથી માહિતગાર થાય તે હેતુથી બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીના વિષય નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન પૂરું પાડવાનું રહેશે.

**(૫) પાંચમો દિવસ:- (તા.૨૪/૦૧/૨૦૨૫)**

**રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી.**

બાલિકાઓ અને વાલીઓ સાથે મીટીંગ જેમાં સરકારશ્રી દ્વારા કન્યા શિક્ષણ માટેની સુવિધાઓ/ લાભો, યોજનાઓ (મફત શિક્ષણ, સલામત પરિવહનની સુવિધાઓ) વિશે અને ગામની બાલિકાઓએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હોય એવી બાલિકાઓનું બહુમાન કરવા અને શિક્ષણ દ્વારા થતા ફાયદા વિશે બાલિકાઓ અને અન્ય સમુદાયને માહિતગાર કરવાના રહેશે.

આમ શાળા કક્ષાએ પ્રવૃતિઓ કરાવવા માટે શૈક્ષણિક સાધન સામગ્રીના રૂ.૫૦૦/-અને બાળકોના રીફ્રેશમેન્ટ રૂ.૫૦૦/- પ્રતિ શાળાદીઠ રૂ.૧૦૦૦/- લેખે અત્રેની કક્ષાએથી શાળા કક્ષાએ ચાઈલ્ડ લીમીટમાં ફાળવેલ ગ્રાન્ટ અન્વયે ખર્ચ કરવાનો રહેશે.

તમામ શાળાઓએ શાળા કક્ષાએ કરેલ પ્રવૃતિઓની માહિતી નીચેના ફોર્મેટ મુજબ તૈયાર કરીને શાળા કક્ષાએ નિભાવવાની રહેશે.

| જીલ્લાનું નામ | તાલુકાનું નામ | રિસોર્સ પર્સનનું નામહોદ્દો/ | વિભાગસંસ્થાનું/ નામ | સહભાગી બાળકોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | | | | કુમાર | કન્યા | કુલ બાળકો |
| | | | | | | |

ઉક્ત તમામ પ્રવૃતિઓ પૂર્ણ થયા બાદ મદદનીશ જીલ્લા કો. ઓ-ગર્લ્સ એજ્યુકેશન દ્વારા ઉપર જણાવેલ ફોર્મેટનું જીલ્લા કક્ષાએ એકંદરીકરણ કરી અત્રેની કચેરીને નીચેના ફોર્મેટમાં મોકલવાની રહેશે.

| જીલ્લાનું નામ | તાલુકાનું નામ | રિસોર્સ પર્સનનું નામહોદ્દો/ | વિભાગસંસ્થાનું/ નામ | સહભાગી બાળકોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | | | | કુમાર | કન્યા | કુલ બાળકો |
| | | | | | | |

**પ્રવૃત્તિ-૨- કુમાર શાળાઓમાં એડોલેશન્ટ એજ્યુકેશન કાર્યક્રમનું આયોજન**

ધોરણ-૬ થી ૮ ના બાળકોની મુંઝવણો દૂર થાય તે માટે ભારત સરકારના "આયુષ્યમાન ભારતના શાળા આરોગ્ય કાર્યક્રમ"ની માર્ગદર્શિકામાં ૧૧ થીમ આવરી લીધેલ છે. કુમાર શાળાઓમાં પાંચ વિષયોની તાલીમ આપવાથી બાળકોમાં પોતાના સ્વાસ્થ્ય, સ્વચ્છતા, સમતોલ આહાર, બાળકોના કાયદા, નશીલા પદાર્થોથી થતા નુકશાન તેમજ ઇન્ટરનેટ અને મિડીયાથી થતા ફાયદા અને નુકશાન વિશે માહિતી મેળવશે તે માટે આ તાલીમ કુમાર શાળાઓમાં માહે નવેમ્બર-૨૦૨૪ થી તાલીમનું આયોજન શાળા કક્ષાએ કરવાનું રહેશે. અને તાલીમ સંદર્ભ તરીકે ઉજાસ ભણી... બુકલેટનો ઉપયોગ કરી શકાશે. તાલીમના વિષયો નીચે મુજબ સૂચિત કરેલ છે.

| ૧ | વિષય | આયોજન |
|---|---|---|
| ૧ | તંદુરસ્ત વૃધ્દ્રિ અને વિકાસ | નવેમ્બર- ૨૦૨૪ દરમિયાન |
| ૨ | પોષણ,આરોગ્ય અને સ્વચ્છતા | ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન |
| ૩ | જેન્ડર સમાનતા /પોક્સો એકટ | ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન |
| ૪ | નશીલા પદાર્થોના દુરઉપયોગની રોકથામ અને વ્યવસ્થાપન | જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન |
| ૫ | ઇન્ટરનેટ અને સોશ્યલ મીડિયાના સુરક્ષિત ઉપયોગને પ્રોત્સાહનના | જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન |

ઉક્ત પાંચ વિષયવસ્તુ પર તાલીમ આપવા નીચે મુજબ તજજ્ઞ સૂચિત કરવામા આવે છે.

- શિક્ષણ સાથે સંકળાયેલા જીલ્લા/તાલુકાથી શાળાના શિક્ષકો/આચાર્યો જેઓએ તાલીમ મેળવેલ હોય/સી.આર.સી/ યુ.આર.સી/ડાયટ લેકચરર/શૈક્ષણિક સંસ્થાઓના વિષય નિષ્ણાંત..
- જીલ્લા/તાલુકા/જુથ કક્ષાના આરોગ્ય વિભાગ /મહિલા અને બાળવિકાસ વિભાગના નિષ્ણાંતો.
- જે તે ક્ષેત્રમાં કાર્ય કરતી સ્વૈછિક સંસ્થાઓના વિષય નિષ્ણાંતો.

આ પ્રવૃત્તિના અમલીકરણ માટે ૮૧૬ કુમાર શાળાઓમાં ઉપર જણાવેલ વિષયોની તાલીમ માટે એક વિષયના રૂ.૧૦૦૦/- જેમાં (રૂ.૫૦૦/-બાળકોને પૌષ્ટિક નાસ્તો તેમજ રૂ.૫૦૦/-તજજ્ઞ ભથ્થું) આમ એક શાળામાં એક વિષયના રૂ.૧૦૦૦/- લેખે પાંચ વિષયના રૂ.૫૦૦૦/- લેખે અત્રેની કક્ષાએથી શાળા કક્ષાએ ચાઇલ્ડ લીમીટમાં ફાળવેલ ગ્રાન્ટ અન્વયે ખર્ચ કરવાનો રહેશે.

**ઉકત તમામ પ્રવૃત્તિ પૂર્ણ થયા બાદ પ્રવૃત્તિ-(૧) માં દર્શાવેલ ફોર્મેટ મુજબ શાળા કક્ષાની માહિતી શાળા કક્ષાએ નિભાવવાની રહેશે. અને જીલ્લા કક્ષાએ મદદનીશ જીલ્લા કો. ઓ-ગર્લ્સ એજ્યુકેશન દ્વારા ફોર્મેટ મુજબ એકંદરીકરણ કરી અત્રેની કચેરીને ઉક્ત દર્શાવ્યા ફોર્મેટ મુજબ માહિતી તૈયાર કરી મોકલવાની રહેશે.**

**(ડાઁ. એમ.એમ.પટેલ)**
**એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર**

**<u>નકલ રવાના જાણ અર્થે :</u>**

– હિસાબી શાખા, સદર કચેરી